Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

**આજનો સુવિચાર**

નામ, નસીબ અને નફો કુદરતનો ખેલ છે, કોને ક્યારે શું આપવુ તે ઉપર વાળો જ નક્કી કરે છે

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ

WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

બુધવાર, તા.૨૪ મે, ૨૦૨૩
24/5/2023 * VOL : 43 * N0. 249 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૫

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૧

# ઓસ્ટ્રેલિયાના દિલમાં પહેલેથી જ ભારત માટે અનોખો પ્રેમ : મોદી

## સિડનીના ઓલિમ્પિક પાર્ક સ્થિત સ્ટેડિયમમાં વડાપ્રધાન મોદીએ ૨૦ હજાર ભારતીયોને સંબોધન કર્યું, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને મોદીને બોસ કહ્યા : બ્રિસ્બેનમાં ભારતનું નવું દૂતાવાસ શરૂ કરાશે





**સિડની,**
વડાપ્રધાન મોદી અત્યારે બે દિવસના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર આવ્યા છે. અહીં તેમણે એરિનામાં ભારતની સ્મૃતિ હોવાની વાત જણાવી હતી. એટલું જ નહીં તેમણે પોતાના સંબોધનમાં ભારતીયોને કહ્યું કે મે જે વચન આપ્યું હતું તેને પાળ્યું છે. ઓસ્ટ્રેલિયાની સ્ટ્રિટ્સ મને ભારતની ગલીઓની યાદ આપે છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને કહ્યું કે મોદી તો બોસ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ દિવસનાં ઓસ્ટ્રેલિયા ટૂર પર છે. તેઓએ સિડનીના કુડોસ બેંક એરિનામાં ભારતીયોના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન ગણપતિ બપ્પા મોરિયા, ભારત માતા કી જય અને મોદી-મોદીના નારાથી જાણે આખુ ઓસ્ટ્રેલિયા ગૂંજી ઉઠ્યું હોય એવો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીની સાથે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ પણ હાજર રહ્યા હતા. સિડનીના ઓલિમ્પિક પાર્કમાં સ્થિત આ સ્ટેડિયમમાં વડાપ્રધાન મોદી ૨૦ હજાર ભારતીયોને સંબોધનકર્યું. આ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આની પહેલા એરક્રાફ્ટની મદદથી વડાપ્રધાન મોદીનું સ્વાગત કરાયાં હતું. જેમાં આકાશમાં વેલકમ મોદી લખવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનની શરૂઆત નમસ્તે ઓસ્ટ્રેલિયાથી કરી હતી. તેમણે કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને મારા પ્રિય મિત્ર એન્થની અલ્બનીસ, પૂર્વ પીએમ સ્કોટ મોરિસન, વિદેશ મંત્રી, ઊર્જા મંત્રી, વિપક્ષના નેતા, તમામ સભ્યો અને ઓસ્ટ્રેલિયાના તમામ લોકો જે આ વિશાળ સંખ્યામાં અહીં પહોંચ્યા છે તેમને હું નમસ્કાર કરું છું. ઓસ્ટ્રેલિયાની સ્ટ્રીટ મને ભારતની ગલીઓની યાદ અપાવે છે. મેં સાંભળ્યું છે કે અહીં સિડનીમાં પણ લખનઉ નામનું સ્થળ છે. ઓસ્ટ્રેલિયાના દિલમાં પહેલાથી જ ભારત માટે અનોખો પ્રેમ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિડનીમાં કહ્યું, 'અમારા ક્રિકેટ સંબંધોને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. ક્રિકેટના મેદાન પરની હરીફાઈ જેટલી રસપ્રદ છે, તેટલી જ ઊંડી અમારી મેદાનની બહારની મિત્રતા છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે 'ગયા વર્ષે જ્યારે મહાન ક્રિકેટર શેન વોર્નનું નિધન થયું ત્યારે ઓસ્ટ્રેલિયાની સાથે લાખો ભારતીયોએ શોક વ્યક્ત કર્યો હતો. એવું લાગતું હતું કે આપણે કોઈ પોતાના પરિવારના સભ્યને ગુમાવ્યા છે. તમારા બધાનું એક સપનું છે કે આપણું ભારત પણ એક વિકસિત રાષ્ટ્ર બને. તમારા હૃદયમાં જે સપનું છે તે મારા હૃદયમાં પણ છે.

એક સમય હતો જ્યારે એવું કહેવામાં આવતું હતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩સી (કોમનવેલ્થ, ક્રિકેટ, કરી) પર આધારિત છે. તે પછી એવું કહેવામાં આવ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩ડી (ડેમોક્રેસી, ડાયસ્પોરા, દોસ્તી) પર આધારિત છે. કેટલાક લોકોએ એમ પણ કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩ઈ (એનર્જી, ઈકોનોમી, એજ્યુકેશન) પર આધારિત છે. જુદા જુદા સમયગાળામાં પણ આ સાચું હોઈ શકે છે. પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધોની હદ આના કરતા ઘણી મોટી છે. આ સંબંધોનો આધાર પરસ્પર વિશ્વાસ અને પરસ્પર આદર પર છે.

તેમણે જાહેરાત કરી હતી કે, બ્રિસ્બેનમાં ભારતનું નવું દૂતાવાસ શરૂ કરવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું, 'આ વર્ષે મને અમદાવાદમાં ભારતની ધરતી પર વડાપ્રધાન એન્થોની અલ્બેનિસનું સ્વાગત કરવાની તક મળી. આજે તેમણે અહીં 'લિટલ ઈન્ડિયા'ના શિલાન્યાસના અનાવરણમાં મારો સાથ આપ્યો છે. પીએમએ કહ્યું, પરસ્પર વિશ્વાસ અને પરસ્પર સન્માન માત્ર ભારત-ઓસ્ટ્રેલિયાના રાજદ્વારી સંબંધોથી જ વિકસિત નથી થયા. આનું સાચું એન્થોની અલ્બેનિસે સિડનીમાં મોદીની ખૂબ પ્રશંસા કરી હતી. અલ્બેનિસે કહ્યું, 'છેલ્લી વખત મેં આ સ્ટેજ પર બ્રુસ સ્પ્રિન્ગસ્ટીનને જોયા હતા અને વડાપ્રધાન મોદીને જે આવકાર મળ્યો હતો તેવો તેમને મળ્યો નહોતો. વડાપ્રધાન મોદી બોસ છે! આ દરમિયાન સ્ટેડિયમ મોદી-મોદીના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ગુયાનામાં શાળાની ગર્લ્સ હોસ્ટેલમાં આગથી ૧૯ બાળકનાં મોત

**(એજન્સી) જ્યોર્જટાઉન,**
દક્ષિણ અમેરિકાના દેશ ગુયાનામાં એક શાળાના ગર્લ્સ હોસ્ટેલમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ઓછામાં ઓછા ૧૯ બાળક મૃત્યુ પામી ગયા. આ આગની ઘટના માધ્યમિક શાળાના ગર્લ્સ હોસ્ટેલમાં બની હતી. જોકે આગ કયા કારણોસર લાગી તે હાલ જાણી શકાયું નથી. જોકે ગંભીર રીતે ઘાયલોની સંખ્યા વધુ હોવાથી મૃતકાંક વધવાની શક્યતા છે. ગુયાનાની માહદિયા માધ્યમિક શાળામાં લાગેલી આગમાં ૨૦ લોકો માર્યા ગયા હોવાના અહેવાલોને રદિયો આપતા, નેશનલ ફાયરબ્રિગેડ વિભાગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ ભીષણ આગની ઘટનાને લીધે આખો દેશ હચમચી ગયો છે. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા અન્ય ૯ લોકો ઘાયલ થયા છે. એક પીડિતાને બચાવી લેવામાં આવી હતી, પરંતુ તે વેન્ટિલેટર પર છે અને તેની હાલત ગંભીર છે.

### સેન્સેક્સમાં ૧૮ અને નિફ્ટીમાં ૩૪ પોઈન્ટનો વધારો

**(એજન્સી) મુંબઈ,**
ભારતીય સ્થાનિક શેરબજારમાં સતત બે સત્ર દરમિયાન નોંધાયેલી તેજી મંગળવારે ચાલુ રહી ન હતી અને બજાર સપાટ બંધ રહ્યું હતું. સેન્સેક્સ અને નિફ્ટીમાં નજીવો વધારો નોંધાયો હતો. અદાણી ગ્રુપના તમામ ૧૦ શેર સતત બીજા દિવસે લીલા નિશાનમાં બંધ થયા હતા. અદાણીના ફ્લેગશિપ સ્ટોકમાં ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. તે જ સમયે, ડીએલએફ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, કોટક બેંકના શેરમાં ઘટાડો થયો હતો. મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે મંગળવારે ભારતીય શેરબજાર સપાટ રહ્યું હતું. સેન્સેક્સ ૧૮.૧૧ પોઈન્ટ અથવા ૦.૦૨૯ ટકાના વધારા સાથે ૬૧,૯૮૧.૭૯ પર બંધ રહ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૩૩.૬૦ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકાના મામૂલી વધારા સાથે ૧૮,૩૪૮.૦૦ પર બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરના સંવેદનશીલ સૂચકાંકના ૧૭ શેર લાલ નિશાન પર બંધ થયા છે. જ્યારે, ૧૩ શેરો લીલા નિશાન પર રહ્યા, જેમાંથી માત્ર ૪ શેરોમાં ૧ ટકાથી વધુની મજબૂતી જોવા મળી.

### મહારાષ્ટ્રમાં એસટી-કન્ટેનર ટકરતાં પાંચ જણાનાં મોત

**(એજન્સી) મુંબઈ,**
સિંદખેડ રાજા મેહકર હાઈવે પર બસ અને કન્ટેનર વચ્ચે અથડામણ થતા અકસ્માત સર્જાયો. દુર્ઘટનામાં ૫ લોકોના ઘટના સ્થળે મોત નીપજ્યા છે. એસટી ડ્રાઈવર અને કન્ટેનર ડ્રાઈવરનું પણ મોત નીપજ્યુ છે. ઘટનામાં લગભગ ૧૪ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા છે. ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા છે. એસટી પૂણેથી મેહકર જઈ રહી હતી અને કન્ટેનર મેહકરથી સિંદખેડ રાજા તરફ જઈ રહ્યુ હતુ. માહિતી મળતા જ ગામના લોકોએ ઘટના સ્થળે જઈને ઈજાગ્રસ્તોની મદદ કરી. વાહનને કટર મશીનથી કાપીને બંને વાહનોના ડ્રાઈવરને બહાર કાઢ્યા. આ બસ સંભાજીનગરથી વાશિમ તરફ જઈ રહી હતી, સવારે સવા છ વાગે ટ્રક અને બસમાં ટક્કર થઈ ગઈ.

# યુપીએસસી ફાઈનલમાં દિલ્હીની ઈશિતા કિશોર પ્રથમ ક્રમે, ટોપ ૧૦માં છ મહિલા

**(એજન્સી) નવી દિલ્હી,**
દેશની સૌથી અઘરી પરીક્ષા યુપીએસસીસિવિલ સર્વિસીઝ ૨૦૨૨નું ફાઈનલ રિઝલ્ટ આખરે જાહેર થઈ ચૂક્યું છે. આ પરીક્ષામાં ઈશિતા કિશોર સમગ્ર દેશમાં પહેલા ક્રમાંકે આવી છે. એટલું જ નહીં ટોપ ૧૦માં ૬ મહિલા ઉમેદવાર છે. જ્યારે બીજા ક્રમાંક પર બિહારની ગરિમા લોહિયા, ત્રીજા ક્રમાંક પર ઉમા હારતી એન અને ચોથા ક્રમાંક પર સ્મૃતિ મિશ્રા આવી છે.

યુપીએસસીટોપર ઈશિતા કિશોર કોણ છે અને તેનું બેકગ્રાઉન્ડ શું છે એ જાણવું રસપ્રદ બની રહેશે.આજે જેવું યુપીએસસીનું પરિણામ જોયું તો પહેલું નામ વાંચવા મળ્યું ઈશિતા કિશોર. ઈશિતા દિલ્હી યુનિવર્સિટીની શ્રીરામ કૉલેજ ઑફ કૉમર્સમાંથી ઈકોનોમિક્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. તેનું નામ પહેલા ક્રમાંકે આવતાં જ તે ખુશીથી ઝૂમી ઊઠી હતી. તેણે આ સિદ્ધિથી પોતાના પરિવારનું જ નહીં આખી કૉલેજનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે. તેણે આ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મને આ સફળતાની પૂરેપૂરી આશા હતી, પરંતુ યાદીમાં મારું નામ પહેલા ક્રમાંકે આવશે તે જોઈ મને આશ્ચર્ય થયું હતું. યુપીએસસીટોપર ઈશિતા કિશોર આઈએએસ સેવામાં જવા માગે છે. આ પહેલા ઈશિતાએ ખાનગી મલ્ટી નેશનલ કંપનીમાં રિસ્ક એડવાઈઝરની નોકરી પણ કરી હતી. જોકે, સિવિલ સેવામાં આવવું તેનું સપનું હતું એટલે તેણે યુપીએસસીની તૈયારી કરી ને આજે આ મૂકામે પહોંચી છે.

યુપીએસસીની તૈયારી કરતા પહેલા ઈશિતાએ પોતાનું ભણતર પૂર્ણ કર્યા પછી અનેક ખાનગી કંપનીઓમાં ઈન્ટર્નશિપ પણ કરી હતી.

# મતદાર યાદીમાં આપોઆપ તમારું નામ ઉમેરાઈ જશે અને દૂર થઈ જશે

## ગૃહ પ્રધાન અમિત શાહે કરી મોટી જાહેરાત

**(એજન્સી) નવી દિલ્હી,**
સરકાર જન્મ અને મૃત્યુ સંબંધિત ડેટાને મતદાર યાદી સાથે લિંક કરવા સંસદમાં બિલ લાવવાની યોજના બનાવી રહી છે. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરના કાર્યાલય 'જનગણના ભવન'નું ઉદ્‌ઘાટન કરતાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે વસ્તી ગણતરી એવી પ્રક્રિયા છે જે વિકાસના એજન્ડાનો આધાર બની શકે છે. તેમણે કહ્યું કે, ડિજિટલ, સંપૂર્ણ અને સચોટ વસ્તી ગણતરીના ડેટાના બહુ-પરિમાણીય લાભ થશે. વસ્તી ગણતરીના ડેટા પર આધારિત આયોજન એ સુનિશ્ચિત કરે છે કે વિકાસ ગરીબમાં ગરીબ સુધી પહોંચે.

શાહે એમ પણ કહ્યું હતું કે, જન્મ-મરણ પ્રમાણપત્રના ડેટાને વિશેષ રીતે સાચવવામાં આવે તો વિકાસના કામોનું યોગ્ય આયોજન કરી શકાય. અમિત શાહે કહ્યું, મૃત્યુ અને જન્મ રજીસ્ટરને મતદાર યાદી સાથે જોડવા માટે સંસદમાં બિલ રજૂ કરવામાં આવશે. આ પ્રક્રિયા હેઠળ, જ્યારે વ્યક્તિ ૧૮ વર્ષની થાય છે, ત્યારે તેનું નામ આપોઆપ મતદાર યાદીમાં સામેલ થઈ જશે. તેવી જ રીતે, જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે, ત્યારે તે માહિતી આપમેળે ચૂંટણી પંચ પાસે જશે, જે મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવાની પ્રક્રિયા શરૂ કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ, ૧૯૬૯માં સુધારો કરવા માટેનું બિલ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાસપોર્ટ જારી કરવા, લોકોને સરકારી કલ્યાણ યોજનાઓનો લાભ આપવા વગેરે સંબંધિત બાબતોને પણ સરળ બનાવશે. શાહે જણાવ્યું હતું કે, જો જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રના ડેટાને વિશેષ રીતે સાચવવામાં આવે તો વસ્તી ગણતરી વચ્ચેના સમયનો અંદાજ લગાવીને વિકાસના કામોનું આયોજન યોગ્ય રીતે કરી શકાય છે. અમિત શાહે કહ્યું, હું છેલ્લા ૨૮ વર્ષથી વિકાસ પ્રક્રિયા સાથે જોડાયેલો છું અને જોયું છે કે આપણા દેશમાં વિકાસ માંગ આધારિત છે. જે જનપ્રતિનિધિઓની બોલબાલા હતા તેઓ તેમના મતવિસ્તારના વિકાસનો વધુ લાભ લઈ શકતા હતા. આ એ કારણોમાં એક છે કે આપણો વિકાસ કેમ ભાગોમાં થયો અને ડુપ્લિકેશનને કારણે વધુ ખર્ચાળ રહ્યો છે. નવા જનગણના ભવન સાથે, અમિત શાહે જન્મ અને મૃત્યુની નોંધણી માટેના વેબ પોર્ટલનુંપણ ઉદ્‌ઘાટન કર્યું. વસ્તીગણતરી અહેવાલોનો સંગ્રહ, વસ્તી ગણતરીના અહેવાલોના વેચાણ માટેનું ઓનલાઈન પોર્ટલ અને જીઓફેન્સીંગ સુવિધા સાથે એસઆરએસ મોબાઈલ એપનુંઅપગ્રેડેડ વર્ઝન પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.

# ભારતીય કફ સિરપની નિકાસ પહેલાં સરકારી લેબમાં ટેસ્ટિંગ કરાશે

**(એજન્સી) નવી દિલ્હી,**
ભારતીય કંપનીઓએ બનાવેલી કફ સિરપ પીવાથી ગામ્બિયા અને ઉઝ્‌બેકિસ્તાનમાં ડઝનેક બાળકોના મૃત્યુની ફરિયાદો આવ્યા બાદ આવા મામલા ફરી ન બને તે માટે સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે ભારતમાં બનેલી કફ સિરપની નિકાસ કરતા પહેલા તેનું સરકારી લેબમાં ટેસ્ટિંગ કરાશે. જો તે યોગ્ય જણાશે તો તેને સર્ટિફિકેટ મળશે અને તેના આધારે જ તેને એક્સપોર્ટ કરવાની મંજૂરી મળશે. માહિતી અનુસાર કફ સિરપના ટેસ્ટિંગનો નવો નિયમ ૧ જૂનથી લાગુ થશે. ગત વર્ષે ગામ્બિયા અને ઉઝ્‌બેકિસ્તાનમાં ડઝનેક બાળકો ભારતમાં બનેલી કફ સિરપ પીવાને લીધે મૃત્યુ પામ્યાના અહેવાલ આવ્યા હતા. ત્યારથી સરકાર આ અંગે નવી નીતિ બનાવવા વિચારી રહી હતી અને તે હેઠળ જ આ નિણર્ય કરાયો હતો. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) એ પણ ભારતમાં નિર્મિત કફ સિરપની ગુણવત્તા સામે સવાલો ઊઠાવ્યા હતા. વિદેશ વેપાર મહાનિર્દેશક વતી જારી નોટિફિકેશનમાં જણાવાયું હતું કે કફ સિરપની નિકાસ ત્યારે જ થઈ શકશે જ્યારે તેનું સરકારી લેબમાં ટેસ્ટિંગ કરી લેવાશે.

# આગામી મહામારી માટે અત્યારથી રહો તૈયાર: હૂ

**(એજન્સી) નવી દિલ્હી,**
વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ૭૬મી એસેમ્બલી સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં શરૂ થઈ ગઈ છે. તે જીવન બચાવવા, તમામ માટે આરોગ્ય સંબંધિત ધ્યાન કેન્દ્રિત કરે છે. આ વર્ષે ડબ્લ્યુએચઓની ૭૫મી વર્ષગાંઠ છે. ૧૦ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમ દરમિયાન અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં સંસ્થાના વડા ટેડ્રોસ અદનોમ ઘેબ્રેયસસે કહ્યું કે આગામી મહામારીની તૈયારી અત્યારથી જ શરૂ કરવી પડશે. જો તે અત્યારે નહીં થાય તો તે ફરી ક્યારેય નહીં થઈ શકે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દેશોના સુધારા, ભંડોળ વધારવા અને આગામી મહામારી માટે તૈયારી કરવા પર દબાણ કરી રહ્યું છે. તાજેતરમાં જ ડબ્લ્યુએચઓદ્વારા કોવિડ-૧૯ પર જાહેર કરાયેલી કટોકટીની સ્થિતિનો અંત આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે તે હવે મહામારી નથી. ઘેબ્રેયસસે કહ્યું કે, 'જો આપણે જે ફેરફાર કરવાના છે તે નહીં કરીએ તો કોણ કરશે? જો અત્યારે કોઈ ફેરફાર નહીં થાય તો ક્યારે થશે?' તેમણે કહ્યું કે આગામી મહામારીને રોકવા માટે અગાઉથી વાતચીત કરવા અને તૈયારીને આગળ વધારવા માટે આ યોગ્ય સમય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસને લઈને દુનિયાને મોટી રાહત આપી છે. ડબ્લ્યુએચઓએ કોવિડ વિશે મોટી જાહેરાત કરી અને કહ્યું કે કોવિડ હવે પબ્લિક ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી રહી નથી. આ અંગેનો નિર્ણય ઈમરજન્સી કમિટીની ૧૫મી બેઠકમાં લેવામાં આવ્યો હતો.

# છત્તીસગઢમાં મોટા નક્સલી હુમલાનું કાવતરું નિષ્ફળ

## ટ્રક ભરીને વિસ્ફોટક જપ્ત

**(એજન્સી) છત્તીસગઢ,**
તેલંગાણા બોર્ડર પર ૧૦ નક્સલીઓની ધરપકડ કરાઈ છે. તેમની પાસેથી ટ્રેક્ટર ભરેલો વિસ્ફોટક મળી આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આટલી મોટી માત્રામાં વિસ્ફોટક મોટા માઓવાદી નેતાઓ માટે લઈ જવામાં આવી રહ્યો હતો. એવી પણ માહિતી મળી છે કે આ વિસ્ફોટક છત્તીસગઢ અથવા તેલંગાણામાં હુમલા માટે ઉપયોગમાં લેવાના હતા. આ વર્ષના સૌથી મોટા નક્સલી હુમલાની તૈયારી હતી. પકડાયેલા નક્સલવાદીઓમાં પાંચ બીજાપુરના રહેવાસી છે. તેલંગાણાની ભદ્રડી કોટ્ટાગુડેમ પોલીસ દ્વારા સરહદી વિસ્તારમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.તેલંગાણા પોલીસે જણાવ્યું કે અમને માહિતી મળી હતી કે નક્સલવાદી સંગઠનના સભ્યો મુલકાનાપલ્લી અને દુમુગુડેમમાં એક ગુપ્ત સ્થળે વિસ્ફોટકોના મોટા જથ્થા સાથે હાજર છે. તેના આધારે ભદ્રડી કોટ્ટાગુડેમ પોલીસે એક ટીમની રચના કરી હતી જેમાં દુમુગુડેમ પોલીસ અને ઝ્રઇઁહ્લની ૧૪૧મી બટાલિયનના જવાનોનો સમાવેશ થતો હતો. આ પછી જવાનોએ વિસ્તારના ગામો અને તેની બાજુના જંગલોમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. જેમાં ગામ નજીકથી જ ૧૦ શકમંદો ઝડપાયા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે જપ્ત કરાયેલ સામાનમાં એક ટ્રેક્ટર, એક બોલેરો વાહન અને બે બાઈકનો સમાવેશ થાય છે. આ વાહનોની તલાશી લેતા વિસ્ફોટકોથી ભરીને ટ્રેક્ટર મળી આવ્યું હતું. જેમાં કોર્ડેક્સ વાયરના લગભગ ૯૦ બંડલ, ૫૦૦ ડિટોનેટર અને અન્ય વિસ્ફોટક વસ્તુઓ મળી આવી હતી.

# ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર મુક્ત-સ્વતંત્ર છે તેની ખાતરી માટે ગાઢ સંરક્ષણ અને સુરક્ષા સંબંધો જરૂરી: મોદી

**મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, હું એવી વ્યક્તિ નથી કે જે સરળતાથી સંતુષ્ટ થઈ જાય**

**(એજન્સી) સિડની,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં કહ્યું કે તેઓ ઓસ્ટ્રેલિયા સાથે ભારતના સંબંધોને આગળના તબક્કામાં લઈ જવા તત્પર છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર મુક્ત અને સ્વતંત્ર છે તેની ખાતરી કરવા માટે ગાઢ સંરક્ષણ અને સુરક્ષા સંબંધો જરૂરી છે.

વડાપ્રધાન મોદીએ સોમવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, હું એવી વ્યક્તિ નથી કે જે સરળતાથી સંતુષ્ટ થઈ જાય. મેં જોયું છે કે વડાપ્રધાન એન્થોની અલ્બાનીઝ પણ આવા જ છે. મને ખાતરી છે કે જ્યારે આપણે ફરીથી સિડનીમાં સાથે હોઈશું, ત્યારે આપણને દ્વિપક્ષીય સંબંધોને આગળના સ્તરે કેવી રીતે લઈ જઈ શકાય તે શોધવાની તક મળશે. આ માટે આપણે પૂરકતાના નવા ક્ષેત્રોને ઓળખવા પડશે અને પરસ્પર સહયોગનો વિસ્તાર પણ કરી શકાય છે. પીએમ મોદીએ કહ્યું, "બે લોકતાંત્રિક દેશો તરીકે, ભારત અને ઓસ્ટ્રેલિયા એક મુક્ત, સ્વતંત્ર અને સમાવેશી ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે સમાન હિત ધરાવે છે. આપણી વ્યૂહાત્મક વિચારધારામાં સમાનતા છે. બંને દેશો વચ્ચેના ઉચ્ચ સ્તરના પરસ્પર વિશ્વાસને કારણે અમે સંરક્ષણ અને સુરક્ષાના મામલામાં વધુ સારી રીતે સહયોગ કરવા સક્ષમ છીએ. બંને દેશોની નેવી સંયુક્ત નૌકા કવાયતમાં ભાગ લઈ રહી છે. વડાપ્રધાને કહ્યું કે તેઓ ઈચ્છે છે કે બંને દેશો તેમની સાચી ક્ષમતાનો અહેસાસ કરે અને નજીકના સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને પ્રોત્સાહન આપે.

# કેન્દ્રના વટહુકમ બાદ દિલ્હી સરકારનો આદેશ પલટાવાયો

**(એજન્સી) નવી દિલ્હી,**
દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર અને એલજીની વચ્ચે ચાલી રહેલો વિવાદ હાલ અટકવાનું નામ લઈ રહ્યો નથી. વટહુકમ લાવવામાં આવ્યા પછી ગઈકાલે આ મામલામાં પ્રથમ આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર ૧૯ મેના રોજ એક વટહુકમ લઈને આવી હતી. આ વટહુકમે દિલ્હીના અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગના અધિકારોને ફરીથી ઉપરાજ્યપાલને આપી દીધા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અધ્યાદેશ પછી વિશેષ સચિવ વાઈ. વીવીજે રાજશેખરે કાર્યાલયોને ડી-સીલ કરવાનો આદેશ આપ્યો છે. સૌરભ ભારદ્વાજના આદેશથી જે અધિકારીઓને કામ આપવામાં આવ્યું હતું, તેમને સુપ્રીમ કોર્ટના આદેશ પહેલા ૧૦ મે સુધી યથાસ્થિતિ જાળવી રાખવાનું કહેવામાં આવ્યું છે. ડી-સીલિંગના આદેશ પછી તરત જ વીવી જે રાજશેખરે આ અધિકારીઓને એક આદેશ ઈસ્યુ કર્યો હતો. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'કેન્દ્રનો આ વટહુકમ ગેરબંધારણીય અને લોકશાહીની વિરુદ્ધ છે. તેની સામે અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું.

# પાકિસ્તાનમાં તેલ-ગેસ કંપની પર આતંકી હુમલામાં છ સુરક્ષાકર્મીનાં મોત

**(એજન્સી) ઈસ્લામાબાદ,**
પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આતંકવાદી હુમલામાં ૬ સુરક્ષા જવાનો શહીદ થયા છે. મંગળવારે રાત્રે એક ડઝન આતંકવાદીઓએ હંગેરિયનની માલિકીની તેલ અને ગેસ કંપની પર હુમલો કર્યો હતો. ત્યારબાદ થયેલી અથડામણમાં ૬ સુરક્ષાકર્મીઓના મોત થઈ ગયા છે.પોલીસના જણાવ્યા પ્રમાણે લગભગ ૫૦ લડાકુઓએ મધ્યરાત્રિના સુમારે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના હંગુ જિલ્લામાં બુડાપેસ્ટ-મુખ્યાલય એમઓએલજૂથની માલિકીની સાઈટ પર હુમલો કર્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, હુમલાખોરો હળવા અને ભારે હથિયારોથી સજ્જ હતા. તેઓએ મોર્ટાર શેલ છોડ્યા હતા જેમાં મુખ્ય દ્વાર પર તૈનાત છ સુરક્ષાકર્મીઓ માર્યા ગયા હતા. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે મૃતકોમાં ૪ જવાનો પાકિસ્તાન અર્ધલશ્કરી પોલીસ સહાયક દળના હતા. જ્યારે બીજા બે ફર્મ માટે કામ કરનારા બે પાકિસ્તાની ખાનગી સુરક્ષા ગાર્ડ સામેલ હતા. તેમણે જણાવ્યું કે, ગોળીબાર લગભગ ૧ કલાકથી વધુ સમય સુધી ચાલુ રહ્યો હતો. પોલીસના જવાનોએ મોર્ચો સંભાળતા આતંકવાદીઓને ભાગવા મજબૂર કર્યા હતા. જિલ્લા પોલીસ અધિકારી નૂર વલી ખાને હુમલા અને મૃત્યુઆંકની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે, હુમલાખોરો નજીકના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાંથી આવ્યા હતા જે અફઘાનિસ્તાનની સરહદે છે અને ઐતિહાસિક રીતે આતંકવાદનું કેન્દ્ર રહ્યું છે.









# ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો




**(એજન્સી)ગાંધીનગર,**
ગુજરાત સરકારના કર્મચારીઓના અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૭-૨૦૨૨ની અસરથી તેમજ બીજા ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે.

આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તા-૦૧-૦૭-૨૦૨૨ તથા તા.૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ આઠ ટકા વધારાથી જે એરિયર્સની રકમ આપવાની થાય છે, તે ત્રણ હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે.

તદનુસાર, તફાવતની રકમનો પ્રથમ હપ્તો જૂન-૨૦૨૩ના પગાર સાથે, બીજો હપ્તો ઓગસ્ટ-૨૦૨૩ના પગાર સાથે અને ત્રીજો હપ્તો ઓક્ટોબર-૨૦૨૩ના પગાર સાથે ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા ૪,૫૧૬ કરોડનું નાણાકીય ભારણ વધશે.


(તસવીર :જયેશ મોદી)
શાહપુર રંગીલા પોલીસ ચોકીથી રથયાત્રાના રૂટ પર પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવ્યુ હતુ.

# રાજ્યમાં ભેજનું પ્રમાણ વધતાં લોકો પરસેવે રેબઝેબ

**(એજન્સી)અમદાવાદ,**
હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી તેમાં ગરમીથી રાહત મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, જોકે, ભેજનું પ્રમાણ વધવાથી બફારો વધશે જેના કારણે અકળામણ વધી શકે છે. તાપમાન ઘટવાની સાથે ભેજનું પ્રમાણ વધવાથી પરસેવે રેબઝેબ થઈ શકો છો. આ સાથે અમદાવાદ માટે આજે પણ યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. શહેરમાં હાલ તાપમાન ૪૨-૪૩ ડિગ્રીની આસપાસ રહે છે, જેમાં આગામી સમયમાં ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસના હવામાનની આગાહી કરાઈ હતી. અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં આગામી પાંચ દિવસ હવામાન મોટાભાગે સૂકું રહેવાની સંભાવના છે. વરસાદ થવાની વધુ સંભાવનાઓ નથી. આ સિવાય આગામી પાંચ દિવસ તાપમાનમાં પણ મોટા ફેરફાર થવાની સંભાવનાઓ નથી. એટલે કે આજથી ચાર દિવસ માટે હવામાન સૂકું રહેવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. હવામાન વિભાગે કરેલી આગાહીમાં ગરમીથી સામાન્ય રાહત મળવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગે ગરમીમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરી છે. જોકે, ગરમીમાં ઘટાડો થવાની સંભાવનાની સાથે ભેજનું પ્રમાણ વધવાની પણ શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી. જોકે, ભેજનું પ્રમાણ વધવાથી અકળામણ વધશે. અમદાવાદ શહેર ૪૩ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે ગાંધીનગરનું મહત્તમ તપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. આ સિવાય અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, વલ્લભ વિદ્યાનગર, વડોદરામાં તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્રના ત્રણ ભાગોને છોડતા બાકી તમામ જગ્યાઓ પર ૩૫ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. ડૉ. મનોરમા મોહંતીએ અમદાવાદની સાથે ગાંધીનગરના મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી. અમદાવાદ માટે આજે યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. જોકે, આજ પછી અમદાવાદમાંથી યલો એલર્ટ દૂર થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. બે-ત્રણ દિવસ પછી ભેજનું પ્રમાણ વધવાની સંભાવના છે, જેના કારણે હવામાનમાં ફેરફાર થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ હવામાન સૂકું રહેવાની જ સંભાવના ડૉ. મોહંતી દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભેજનું પ્રમાણ વધવાની ગરમીમાં ઘટાડો થશે.રાજ્યમાં સૌથી નીચું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી દ્વારકા તથા કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં નોંધાયું હતું.

**ગરમીથી સામાન્ય રાહત મળવાની શક્યતાઓ**

# પીએમની ડિગ્રી કેસમાં કેજરીવાલ અને સંજયસિંહને કોર્ટનું સમન્સ

**અમદાવાદ,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી વિવાદ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરિવાલની મુશ્કેલીમાં વધારો થયો છે. અરવિંક કેજરિવાર અને સંજયસિંહને સમન્સ ઈશ્યું કરીને તા. ૭મી જૂનના રોજ કોર્ટમાં હાજર રહેવા માટે નિર્દેશ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીની અરવિંદ કેજરિવાલે માંગણી કરી હતી. તેમજ વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. દરમિયાન ગુજરાત યુનિવર્સિટીએ યુનિવર્સિટી વિશે વાંધાજનક અને છબી ખરડાય તેવા નિવેદન મામલે અરવિંદ કેજરિવાલ સામે બદનક્ષીની ફરિયાદ કરી હતી. યુનિવર્સિટીએ કેજરિવાલ અને સંજયસિંહ સામે ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર કેસમાં અમદાવાદની મેટ્રો પોલિટન કોર્ટે ગત સુનાવણીમાં અરવિંદ કેજરિવાલ અને સંજયસિંહ સામે સમન્સ ઈસ્યુ કર્યું હતું. જો કે, તેઓ કોર્ટમાં હાજર રહ્યાં ન હતા. અમદાવાદની કોર્ટે ફરી એકવાર અરવિંદ કેજરિવાર અને સંજયસિંહને સમન્સ પાઠવ્યું છે અને ૭મી જૂનના રોજ હાજર થા નિર્દેશ કર્યો છે. આપના ગુજરાત યુનિટના લીગલ સેલના વડા પ્રણવ ઠક્કરે સોમવારે કહ્યું હતું કે કેજરીવાલ અને સંજય સિંહને હજુ સુધી કોર્ટ દ્વારા જારી કરાયેલ સમન્સ મળ્યા નથી.

# ધોરણ-૧૦નું પરિણામ ૨૫ મેએ જાહેર થશે

**ગાંધીનગર,**
ગુજરાત શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું છે. હવે સામાન્ય પ્રવાહના પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ત્યારે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૨૫મી મેએ જાહેર થશે. સવારે આઠ વાગ્યે વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જોઈ શકશે. તે ઉપરાંત વિદ્યાર્થીઓ વોટ્સએપના માધ્યમથી પણ પરિણામ જોઈ શકશે.

આ વોટ્સએપ નંબર પર ૬૩૫૭૩૦૦૯૭૧ પર સીટ નંબર મોકલી પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને એસઆર નકલ શાળાવાર મોકલવા અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછીથી કરવામાં આવશે.

પરીક્ષા બાદ ગુણ ચકાસણી અને દફતર ચકાસણીની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. ગુણ ચકાસણીની અરજી ઓનલાઈન કરવાની રહેશે. પરિણામ બાદ નામ સુધારાની દરખાસ્ત નિયત નમૂનામાં કરવાની રહેશે.

પૂરક પરીક્ષા-૨૦૨૩ની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી શાળાઓને પરિણામ સાથે મોકલી આપવામાં આવશે.

# મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે

**ગુજરાતમાં ૬૦૦૦ પદો પર થશે ભરતી**

**(એજન્સી)ગાંધીનગર,**
સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ટૂંક સમયમાં ૫૦૦ કે ૧૦૦૦ નહીં પરંતુ ૬૦૦૦ પદો પર બમ્પર ભરતી કરવામાં આવશે. હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ભરતીને લઈને ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે મહત્વની માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક ભરતી કરવામાં આવશે.

હસમુખ પટેલે જણાવ્યું છે કે, મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે. આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે. સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે.

તેમણે જણાવ્યું કે, ૧૮ મેએ રાજ્ય સરકારે પરીક્ષાને લઈ નવા નિયમો અમલી બનાવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જે ક્લાસ ૩ માટે પરીક્ષા લે છે, એમાં ગ્રુપ બનાવવામાં આવ્યા છે ગ્રુપ છ અને ગ્રુપ બી. આ પ્રમાણે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. ગ્રુપ એમાં ઓફિસ આસિસ્ટન્ટ, કલેકટર ઓફિસના ક્લાર્ક, હેડ ક્લાર્ક અને સિનિયર ક્લાર્કનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રુપ બીમાં ખાતાના વડાની કચેરીના જુનિયર ક્લાર્કનો સમાવેશ છે.

સીધી ભરતીની પરીક્ષા ૨ તબક્કામાં લેવાશે. પ્રિલિમ પરીક્ષા બંને ગ્રુપ માટે કોમન જ હશે. એમસીક્યુ આધારિત ૧૦૦ ગુણનું પેપર રહેશે. પ્રિલિમના પરિણામ બાદ એ અને બી ગ્રુપની મુખ્ય પરીક્ષા લેવાશે. મેઈન એક્ઝામ માટે ઉમેદવારને એ, બી અથવા બંને ગ્રુપની પસંદગી કરવાની તક આપવામાં આવશે અને ફરીથી ફોર્મ ભરાવવામાં આવશે.

ગ્રુપ બી ની મેઈન પરીક્ષા એમસીક્યુ આધારિત હશે. આ પેપર ૨૦૦ માર્ક્સનું હશે તેને ૧૨૦ મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે. ગ્રુપ એ માટે વર્ણાત્મક ત્રણ પેપર આપવાના રહેશે. ગુજરાતીનું ૧૦૦ માર્ક્સ, અંગ્રેજી ૧૦૦ માર્ક અને જનરલ સ્ટડી ૧૫૦ માર્ક્સનું રહેશે. આ પસંદગી યાદી બન્યા બાદ ગ્રુપ છ અને બી માટે ઉમેદવારનો નિમણૂક માટેના ભલામણ પત્રો આપવામાં આવશે.

# ખેડા-આણંદમાં અકસ્માત અટકાવવા ૨૮ જેટલા બ્લેક સ્પોટ જાહેર કરાયાં

**અમદાવાદ,**
મધ્ય ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી માર્ગ અકસ્માતની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. દરમિયાન મધ્ય ગુજરાતના આણંદ અને ખેડામાં તંત્ર દ્વારા માર્ગ અકસ્માતના બનાવો અટકાવવા માટે એક-બે નહીં પરંતુ ૨૮ જેટલા બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યાં છે. મધ્ય ગુજરાતના આણંદમાં આઠ અને ખેડામાં ૨૦ સ્થળો ઉપર બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યાં છે. તેમજ આ અંગે બોર્ડ પણ લગાવવામાં આવ્યાં છે.

સુત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાં માર્ગ અકસ્માતના બનાવો અટકાવવા માટે તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. દરમિયાન એક જ વર્ષમાં ખેડા જિલ્લામાં માર્ગ અકસ્માતના વિવિધ બનાવોમાં ૨૩૮ વ્યક્તિઓના મૃત્યુ થયાં હતા. આવી જ રીતે આણંદ જિલ્લામાં લગભગ ૩૫થી વધારે વ્યક્તિઓના મોત થયાં હતા.

બંને જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવો અટકાવવા માટે પોલીસ, આરટીઓ અને માર્ગ મકાન વિબાગે તપાસ કરીને બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યાં છે. આણંદ જિલ્લાના ગામડી ઓવરબ્રિજ, બેડવા ઓવરબ્રિજ, કિંખલોડ ચોકડી, બોરસદ વાસદ માર્ગ અને ટોલ નજીકના રસ્તાઓ, ગામને બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ખેડા જિલ્લાના બ્લેક સ્પોર્ટ્સની વાત કરીએ તો મિલ રોડ, આંબેડકર રોડ, સરદાર ભવન, કોલેજ રોડ, ગુતાલ પીપલગ રોડ, કમલા ચારરસ્તા, બુલવાર્ડ ૯ હોટલ, ટંડેલ ઓવરબ્રિજ, વડદ રોડ, આદિનાર ચોકડી, કંજરી ચોકડી, આરખિયાલ પાટિયા, સિદ્ધિ વિનાયક મંદિર ફાગવેલ હાઈવે, કપડવંજ, નિર્માલી રોડ, મોડાસા હાઈવે, કુલ ૨૦ બ્લેક પોઈન્ટ જાહેર કરવામાં આવ્યા છે.

# રિવરફ્રન્ટ પર ૪૯ પ્લોટ વેચાણ માટે મૂક્યાં પણ એક પણ ખરીદાર નહીં

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ શહેર અને સમગ્ર ગુજરાત માટે લેન્ડ માર્ક બનેલા સાબરમતી રિવરફ્રન્ટ પર રહેલી જમીન માટે કોઈ ખરીદાર મળતો નથી. અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ જ્યારે તૈયાર કરાયો હતો. તે સમયે નક્કી કરાયું હતું કે, રિવરફ્રન્ટ આસપાસ રહેલી જમીન ખાનગી કંપનીઓ વેચવામાં આવશે. અહીં ગગનચુંબી ઈમારતો બનશે અને સાબરમતી રિવરફ્રન્ટનો નજારો બદલાશે. પરંતુ આજે ૧૮ વર્ષ પસાર થયા છતાં ૪૯ પ્લોટનું વેચાણ કે ગગનચુંબી ઈમારતો બનવાનું તો દૂરની વાતો છે. પરંતુ હજુ સુધી ૪૯ પ્લોટોની બેઝ પ્રાઈઝ નક્કી પણ કરી શકાઇ નથી. આ મુદ્દે વિપક્ષ નેતા શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, સાબરમતી રિવરફ્રન્ટ બન્યાને ૧૮ વર્ષ જેટલો સમય વીતી ગયો છે, છતાં રિવરફ્રન્ટ દ્વારા ૪૯ જેટલા મોટા પ્લોટ્સ પાડેલ છે. પરંતુ તે પ્લોટ્સ પૈકી સત્તાધારી ભાજપના શાસકો રાજકીય કારણોસર એક પણ પ્લોટનું વેચાણ કરી શક્યાં નથી. રિવરફ્રન્ટ બનાવવા પાછળ આજ સુધીમાં કરોડોનો ખર્ચ થયો છે. પરંતુ રિવરફ્રન્ટ પ્રોજેકટમાંથી કોઈ આવક થઈ નથી, હજુ પણ કરોડોનો વધુ ખર્ચ થવાનો અંદાજ છે. એક તરફ મ્યુ.કોર્પોની નાણાંકીય પરિસ્થિતિ કથળી છે અને બીજી તરફ હાલમાં પ્રોજેકટના કામ માટે નાણાંની જરૂરિયાત ઉભી થઈ છે. જેથી મ્યુ.કોર્પોને લોન લેવાની નોબત આવી છે. જેનો બોજો મ્યુ.કોર્પો પર પડશે. જેને કારણે મ્યુ.કોર્પોને વ્યાજનું દર વર્ષે કરોડો રૂપિયાનું આર્થિક ભારણ વેઠવું પડે છે. તેની સીધી અસર પ્રાથમિક સુવિધા પર પડે તે સ્વાભાવિક છે. સત્તાધારી ભાજપ દ્વારા રિવરફ્રન્ટ પર ગગનચુંબી ઈમારતો બનવાથી અમદાવાદ શહેર મેનહટન સીટી જેવું બનશે જેવી પોકળ વાતો કરેલ, પરંતુ સત્તાધારી ભાજપના રાજકીય આંતિરક વિવાદોનો ભોગ પ્રજા બને છે.

સત્તાધારી ભાજપ દ્વારા આજદિન સુધીમાં રિવરફ્રન્ટ પર એકપણ સ્કાયસ્ક્રેપર બિલ્ડીંગ બનાવી શકાય તે બાબતે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરી નથી. વધુમાં વિપક્ષ નેતા શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, રિવરફ્રન્ટ માટે સિક્યુરિટી ગાર્ડ સપ્લાય કરવા બાબતે પેન્થર સર્વેલન્સ પ્રા. લિ.ને કોન્ટ્રાકટ આપેલ છે. તે એજન્સી દ્વારા ૩૮૩ જેટલા સિક્યુરિટી ગાર્ડ સપ્લાય કરવામાં આવેલ છે. તેને દર વર્ષે ૯.૦૦ કરોડ જેટલી માતબર રકમ ચૂકવવામાં આવે છે. તેમ છતાં રિવરફ્રન્ટ વિસ્તારમાં ચોરી, છેડતી, ગુનાખોરી અને ખાસ કરીને ડ્રગ્સનું વેચાણ અને સેવન પણ થાય છે. દિન-પ્રતિદિન ગેરકાયદે પ્રવૃતિ વધતી જાય છે. જેથી સીક્યુરીટી એજન્સી નિષ્ફળ ગઈ છે, તેવું પુરવાર થાય છે. જેથી આ એજન્સીને તાકીદે દૂર કરી એક્સ આર્મી મેનને સિક્યુરિટી તરીકે રાખવામાં આવે તો તેમને આર્થિક મદદ પણ મળી રહે અને ચોરી, છેડતી, ગુનાખોરી અને ખાસ કરીને ડ્રગ્સનું વેચાણ અને સેવન જેવી ગેરકાયદેસર પ્રવૃતિ થતી રોકી શકાય, આ માટે એક્સ આર્મી મેનને સિક્યુરિટી તરીકે રાખવાની માંગણી કરી છે. સાબરમતી રિવરફ્રન્ટ લિ. દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ કરોડોના ખર્ચે બનાવેલ છે, પરંતુ નવાઈજનક બાબત તો એ છે કે તે તૈયાર થયાને લાંબો સમય વીતી જવા છતાં ભાજપના આંતરિક વિવાદોને કારણે તેનું લોકાપર્ણ થઈ શક્યું નથી. તૈયાર થઈ ગયેલા સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ઉદ્ઘાટન કરવાનો ભાજપના સત્તાધીશોને સમય પણ મળતો નથી અને પ્રજાને તેનો લાભ મળી શકતો નથી.

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

### કુલિંગ વોટર કારખાનાની આડમાં દારૂના ધંધાનો પર્દાફાશ

**(એજન્સી)સુરત,**
બુટલેગરો દારુની હેરાફેરી તેમજ દારૂના વેચાણ માટે નવા નવા કિમીયા અપનાવી રહ્યાં છે. વધુ એક કિમીયાનો પર્દાફાશ સુરત પોલીસે કરી કર્યો છે. સુરતના ઓલપાડ-સાયણ તરફ જતા માર્ગ પરથી દારૂનો કારખાનું ઝડપાયો છે. બુટલેગરો દારૂના વેપાર માટે એક નવો કીમિયો અપનાવ્યો હોવાનું સામે આવ્યું છે. સુરતના ઓલપાડમાંથી નકલી દારૂનું કારખાનું ઝડપાયું છે, કુલિંગ વોટર કારખાનાની આડમાં દારૂ રિફિલિંગ કરાતું હતું અને આરોપી લુઝ પેકિંગમાં દારૂ લાવતા હતા તેમજ લુઝ પેકિંગમાં દારૂ લાવી બ્રાન્ડેડ બોટલમાં ભરાતો હતો, દારૂ ઝડપાયા મામલે પોલીસ એફએસએલની મદદ લેશે.

### દિલ્હીમાંથી નિરજ ઝવેરીને એસઓજીએ દબોચી લીધો

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ ગ્રામ્ય એસઓજી ૭ ગુનામાં સંડોવાયેલા ભૂમાફિયાની ધરપકડ કરી છે, દિલ્હીમાંથી નિરજ ઝવેરીને એસઓજીએ દબોચી લીધો છે, જે આરોપી ૭ ગુનામાં વોન્ટેડ હતો. તમને જણાવી દઈએ કે, અંગુઠાના ખોટા લેબ રિપોર્ટ બનાવી કરોડોની જમીન પચાવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, નિરજ ઝવેરી નામના એક ચિટરને પકડેલો છે તેમણે કહ્યું કે, જેના ઉપર આ જિલ્લામાં સાત ગુના દાખલ થયેલા છે અને ડિટેઈલ્સમાં પ્લાન કરતો હતો. તેમજ તેના સાગિરત ઘનશ્યામ સોલંકી જેને અગાઉ એરેસ્ટ કર્યો હતો, આ લોકો જમીન માલિકની ખોટી સહી કરી અથવા ડોક્યુમેન્ટ પરથી સહી સ્કેન કરી ખોટો દસ્તાવેજ ઉભો કરતા હતા.

### નકલી કપાસિયા તેલ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

**(એજન્સી)મોડાસા,**
મોડાસા જીઆઈડીસીમાંથી તિરૂપતિ કપાસિયા તેલના નામે નકલી તેલના ડબ્બાનું પેકિંગ કરતી ફેક્ટરી ઝડપાઈ છે. એસઓજીની ટીમે દરોડો પાડીને ૮ ડબ્બા, ૩૬ સ્ટીકર અને ડબ્બાના ૩૮ બૂચ જપ્ત કર્યા છે. મળતી માહિતી અનુસાર, મોડાસા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી લક્ષ્મી પ્રોટીન્સ નામની તેલ બનાવતી ફેક્ટરીમાં એસઓજી પીઆઈ સી.એચ રાઠોડ અને તેમની ટીમે બાતમી આધારે રેડ કરી હતી. આ દરમિયાન જૂના તેલના ડબ્બામાં અન્ય તેલ ભરી 'તિરૂપતિ કપાસિયા તેલ'ના સ્ટીકર તેમજ બૂચનો ઉપયોગ કરી વેચાણ કરતા વેપારીને ઝડપી લેવાયો હતો. આ દરમિયાન એસઓજીની ટીમે તિરૂપતિ કપાસિયા તેલના ડુપ્લીકેટ ૩૬ સ્ટીકર, ૩૮ નંગ બૂચ તેમજ ૧૫ કિલો તેલ ભરેલા આઠ ડબ્બા સહિત કુલ રૂપિયા ૧૮,૮૧૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### શિક્ષણના નામે સેટિંગબાજીનો પર્દાફાશ !

**(એજન્સી)રાજકોટ,**
નોન ગ્રાન્ટેડ,ડમી અને કન્સપ્ટ શાળાઓ શિક્ષણનો વેપાર કરતી હોવાનું સામે આવ્યું છે. આવી સંસ્થામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, પરંતુ શિક્ષણ આપવામાં આવતું નથી. અભ્યાસ કરાવવા માટે વિદ્યાર્થીઓને ખાનગી કોચિંગ ક્લાસિસમાં એડમિશન લેવડાવવામાં આવે છે, ત્યારે રાજકોટના કેળવણીકાર સિદ્ધરાજસિંહ ઝાલાએ નિવેદન આપ્યું છે. સિદ્ધરાજસિંહ ઝાલાએ કહ્યું કે, શિક્ષણ સાથે આ મોટા ચેડા છે. રાજકોટની અનેક સ્કૂલ વિદ્યાર્થી પાસેથી માત્ર ફી પડાવે છે. પોતાનું પરિણામ ઉંચું લાવવા અને શિક્ષકો ન રાખવા માટે સ્કૂલોકો આવું કૌભાંડ કરે છે. આવી સ્કૂલો સામે કમિશનર ઓફ સ્કૂલ અને બોર્ડે કાર્યવાહી કરવાની જરૂર છે.

# મરણના બોગસ દાખલા બનાવી ડેથ ક્લેમ પાસ કરાવવાના રેકેટનો પર્દાફાશ

**અમદાવાદ,**
દેવભૂમિદ્વારકામાં જીવીત વ્યક્તિઓને મૃતક દર્શાવીને વીમા કંપનીમાંથી રૂ. એક કરોડથી વધારે રકમનો ડેથ ક્લેમ મેળવવાના કાવતરાનો પર્દાફાશ થયો છે. સમગ્ર ઘટનામાં પોલીસે પાંચ આરોપીઓને ઝડપી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. જ્યારે અન્ય આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસે કવાયત આરંભી છે. આરોપીઓએ એક-બે નહીં પરંતુ ૪૫ જેટલી વ્યક્તિઓના મૃત્યુના ખોટા દસ્તાવેજ રજુ કર્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

વીમા કંપનીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, સેલ્સ મેનેજર મુકેશ ભરવાડ, ધના નંદાણીયા તથા ખીમા ચાવડા સહિતના આરોપીઓએ પોતાના અંગત ફાયદા માટે વીમાધારકોના મરણ અંગેના બનાવટી દાખલા અને દસ્તાવેજ બનાવ્યા હતા. જેનો ઉપયોગ કરીને ખોટા ડેથ ક્લેમ મૂકીને કુલ ૧.૦૩ કરોડ રૂપિયાની રકમ ડેથ ક્લેમ કરવામાં આવી હતી. સમગ્ર ઘટના અંગે પોલીસે ફરિયાદ નોંધીને તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો. પોલીસ સ્ટેશનમાં એક-બે સહિત છ આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર ઘટનામાં પોલીસે રામ મચ્છા મુંધવા, ભરત દેવાત નંદાણીયા, ધના રામ નંદાણીયા, રાજેશ મગન જગતિયા અને અરજણ આંબલીયાની અટકાયત કરીને પૂછપરછ આરંભી હતી. ઈન્શ્યોરન્સ કંપનીમાં ૪૫ જેટલા આસામીઓના બોગસ ડેથ સર્ટિફિકેટ રજૂ કરી અને વીમા માટે કુલ રૂપિયા ૧.૦૩ કરોડની રકમના ખોટા ડેથ ક્લેમ મૂકવામાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણમાં સંડોવાયેલા આરોપીઓની અટકાયત કરીને રિમાન્ડ મેળવવાની કવાયત આરંભી હતી. આ રેકેટમાં અન્ય આરોપીઓ સંડોવણી અંગે ઉંડાણપૂર્વકની તપાસ આરંભી છે. પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

# સોશિયલ મીડિયા ઉપર વાંધાજનક પોસ્ટ કરનાર ૧૪ લોકોની અટકાયત

**(એજન્સી)રાજકોટ,**
ફોલોઅર્સ વધારવા અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરનો ટેગ મેળવવા માટે યુવાનો સોશિયલ મીડિયા પર હથિયારો સાથેના અને બાઈક સ્ટંટ વિડીયો પોસ્ટ અને વિડીયો શેર કરી રહ્યા છે. જો કે, આવા લોકોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા અંગે સાવધાની રાખવી જોઈએ, કારણ કે પોલીસ ઓફેન્સિવ કેટેગરીમાં આવતી પોસ્ટ પર સાયબર પોલીસ સતત નજર રાખી રહી છે.

આ મામલે જામનગર સાયબર ક્રાઈમે છેલ્લા બે દિવસમાં મોટરસાઈકલ પર ખતરનાક સ્ટંટ કરવા, બંદૂક કે તલવાર સાથે પોઝ આપવા, ધારદાર હથિયાર ચલાવવા અથવા તો રમકડાની બંદૂક સાથે પોઝ આપવા જેવી અપમાનજનક પોસ્ટ માટે છેલ્લા બે દિવસમાં ૧૪ લોકોની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહી ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ ૧૪૯ અને ૧૫૧ હેઠળ કરવામાં આવી હતી જે પોલીસને અધિકૃત ગુનાને રોકવા માટે વ્યક્તિની ધરપકડ અથવા અટકાયત કરવાની સત્તા આપે છે. સાયબર ક્રાઈમ અનુસાર યુવાનો ફોલોઅર્સ વધારવા અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ટેગ મેળવવા માટે વધુ સ્ટંટ વિડીયો પોસ્ટ કરી રહ્યાં છે. યંગસ્ટર્સ ડુપ્લિકેટ રિવોલ્વર અને એરગન સાથે ડિસ્ક્લેમર વગર પોઝ આપતા જોવા મળી રહ્યા છે. પોલીસે કહ્યું કે આવી હરકતો ડરામણી માનવામાં આવે છે.

પોલીસે અત્યાર સુધી ૧૭ લોકોને સમન્સ મોકલ્યા જેમાંથી ૧૪ની અટકાયત કરી છે. તેમને ૨૪ કલાક સુધી પોલીસ કસ્ટડીમાં રાખ્યા અને તેમને સમજાવ્યું કે તેમની આ હરકતો આર્મ્સ એક્ટ અને મોટર વ્હીકલ એક્ટ સહિતના કેટલાક કાયદાઓનું ઉલ્લંઘન કરી રહી છે. જામનગર પોલીસે અન્ય ૧૨ વ્યક્તિઓની પણ ઓળખ કરી છે જેમની સોશિયલ મીડિયામાં અપમાનજનક પોસ્ટ છે.

# યુપીએસસીઃ ગુજરાતના ૧૬ વિદ્યાર્થીઓ સિલેક્ટ થયાં

**અમદાવાદ,**
દેશમાં સનદી સેવા માટે લેવામાં આવતી સિવિલ સેવા પરીક્ષા ૨૦૨૨માં અંતિમ રિઝલ્ટની જાહેરાત સંઘ લોક સેવા આયોગે આજે એટલે કે મંગળવારે ૨૩ મે ૨૦૨૩ જાહેરાત કરી છે. પસંદગી પામેલા ઉમેદવારોની યાદીમાં ઈશિતા કિશોર પ્રથમ નંબરે આવી છે. દિલ્હી યૂનિર્સિટીની શ્રીરામ કોલેજ ઓફ કોમર્સમાંથી ઈકોનોમિક્સમાંથી અભ્યાસ કરનારી ઈશિતા કિશોરની પ્રથમ પસંદગી થવા પર ખુશી વ્યકત કરતા કહ્યું કે, મને સફળતાની પુરેપુરી આશા હતા, પણ મેરિટ લિસ્ટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવું સુખદ આશ્ચર્ય છે. ગુજરાતમાં સ્પીપાના ૧૬ વિદ્યાર્થીઓ પણ યુપીએસસી દ્વારા પસંદગી પામ્યા છે. કૂલ ૯૩૩ ઉમેદવારો સિલેક્ટ થયાં છે.

યુનિયન પબ્લિક સર્વિસ કમિશને UPSC સિવિલ સર્વિસ એક્ઝામનું પરિણામ જાહેર કર્યું છે. ગુજરાત સ્પીપાના ૧૬ સ્ટુડન્ટ્સે મેદાન માર્યું છે. જેમાં ૧. અતુલ ત્યાગી,૨. દુષ્યંત ભેડા, ૩. વિષ્ણુ શશીકુમાર,૪. ચંદ્રેશ સખાલા, ૫. જોગાણી ઉત્સવ સતીષભાઈ, ૬. માણસી મીણા, ૭. કાર્તિકેય કુમાર, ૮. મૌસમ મહેતા, ૯. મયૂર પરમાર, ૧૦. આદિત્ય અમરાણી, ૧૧. કેયૂર પારગી,,૧૨. નયન સોલંકી, ૧૩. મંગેરા કૌશિક ભાનુભાઈ. ૧૪. ભાવનાબેન વાઢેર, ૧૫. ચિંતન દૂધેલા અને ૧૬. પ્રણવ ગૈરોલાનો સમાવેશ થાય છે.



જીવરાજપાર્ક વેજલપુર પોલીસ ચોકી પાસેના ચાર રસ્તા પર એએમસી દ્વારા કરેલ ખોદકામ નજરે પડી રહ્યું છે .(તસવીર :જયેશ મોદી)

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન